


શહેરના ક-૭ સર્કલ નજીક મધુવન પાર્ટી પ્લોટ ખાતે ગાંધીનગરની હિન્દી તથા બૉલીવુડ એક્ટ્રેસ અવની મોદીએ મધુવન પ્રિમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મોની નવોદિત તારિકા મેની રાવલ પણ ઉપસ્થિત રહી હતી.

# વાયબ્રન્ટ ગુજરાતથી કોઈનું ભલું થયું નથી : રાહુલ ગાંધી

નર્મદા, તા.૧

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે રાજયની એક દિવસની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે નર્મદા જિલ્લામાં ડેડીયાપાડા ખાતે આદિવાસી જનસભાને સંબોધન કર્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું રણશીંગુ ફૂંકતા હોય તેમ રાહુલે નરેન્દ્ર મોદી અને ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ગુજરાતમાં ઉદ્યોગપતિઓને જમીનો પાણીના ભાવે આપવાથી કે વાયબ્રન્ટ ગુજરાત દ્વારા કોઈને ફાયદો થવાનો નથી. કોંગ્રેસની સરકાર આવશે તો તે મનની વાત નહીં કહે. આપની વાત સાંભળશે એમ કહીને તેમણે વડાપ્રધાન ઉપર આકરા પ્રહારો પણ કર્યા હતા. રાહુલે ડેડિયાપાડા પહોંચતા અગાઉ દેવમોગરી ખાતે પાંડુરી માતાના મંદિરે દર્શન કર્યા હતા. રાહુલે કોંગ્રેસ દ્વારા આયોજિત જનસભાને સંબોધતા કાળઝાળ ગરમીમાં તમે અહીં આવ્યા તે બદલ તમારો આભાર એમ કહીને સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન ઘણી વખત કહે છે કે કોંગ્રેસે ૭૦ વર્ષમાં શું કર્યું. તેનો જવાબ અમૂલ છે. ગુજરાતમાં પોલસન દુધની ડેરી હતી જે ખેડૂતોની શોષણ કરતી હતી. જે પછી ગાંધીજીએ સરદાર પટેલને આ સમસ્યાને દુર કરવાનું કહેતા અમૂલની રચના કરવામાં આવી હતી. આ ડેરી ગુજરાતની મહિલાઓએ બનાવી છે. રાહુલે ગુજરાતમાં મોટા ઉદ્યોગપતિઓને એક તરફ હજારો એકર જમીન ભેટમાં આપવામાં આવી રહી છે.

## આ પણ વાંચીએ...

### નવવધૂને ગીફ્ટમાં મળ્યુ બેટ, પતિ હેરાન કરે તો ફટકારો

લગ્નમાં જાતભાતની ગીફ્ટ મળતી રહે છે. લોકોને તેમની પસંદ અનુસાર વિવિધ ભેટ મળી જાય છે. તાજેતરમાં મધ્યપ્રદેશમાં યોજાયેલા સમૂહલગ્નમાં આપવામાં આવેલી અનોખી ભેટ ચર્ચાનો વિષય બની ગઈ છે. મધ્યપ્રદેશ સરકારે તાજેતરમાં સમૂહલગ્નનું આયોજન કર્યુ હતું. જેમાં લગભગ એક હજાર જેટલા યુગલો જોડાયા હતા. લગ્નમાં ઉપસ્થિત રાજ્ય સરકારના એક મંત્રી ગોપાલ ભાર્ગવે નવવધૂઓને ભેટ સ્વરૂપે ક્રિકેટનું બેટ આપ્યુ. આ અનોખી ભેટ પાછળનું કારણ આપતા મંત્રીએ કહ્યુ કે જો પતિ તેને હેરાન કરે તો આ બેટનો તે હથિયાર તરીકે ઉપયોગ કરી શકે છે.



### ૭ કરોડની પાલખીમાં બેસશે અંબાબાઈ

મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત શ્રી મહાલક્ષ્મી મંદિરની અંબાબાઈની મૂર્તિ ૨૬ કિલો સોનુ એટલે કે રૂ. ૭ કરોડની પાલખીમાં બેસશે. મૂર્તિ સ્થાપનાના ૩૦૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ૨૦૧૫માં આ સંકલ્પ લેવાયો હતો. પાલખી માટે ૨૬ હજાર શ્રદ્ધાળુઓએ રોકડ, ચેક અને સોનુ સ્વરૂપે ચઢાવો આપ્યો હતો.



# પાલનપુર નગરપાલિકાનો અંધેર વહીવટ ભારે આક્રોશ

### બિલો અને ફાઈલોને ઉંદરડાઓ ખેંચી જાય છે

પાલનપુર, તા. ૧

પાલનપુર નગરપાલિકામાં સંસ્થા કે વ્યક્તિ જેમને નગરપાલિકા પાસેથી નાણાં લેવાના હોય તે સંસ્થા ખર્ચ કર્યા પછી ૪ માસ થવા છતાં ચેક મેળવી શકતી નથી. એટલું જ નહી એકવાર બીલો ખોવાઈ જાય, સંસ્થા બીજીવાર વાઉચરોની કોપી મોકલી આપે તે પણ નગરપાલિકા કચેરીમાંથી ખોવાઈ જાય અને છેલ્લે સામાજીક સંસ્થા નગરપાલિકાના વહીવટ ઉપર ફીટકાર વરસાવી જાહેરમાં ટીકા કરે આમ છતાં વહીવટી અધિકારી કે સત્તાધીશોના પેટનું પાણી પણ હલતુ નથી.

શહેરીજનોમાં સામાન્ય ગરીબ માણસ છ છ મહિનાથી તેના નાના મકાનની મંજુરી માગતી ફાઈલ રજુ કરે મિટીંગો મળે નહી, અને કંટાળીને ફાઈલ પરત માગવા જાય તો ફાઈલો જ ગુમ થઈ જાય છે. આવો અંધેર વહીવટ ઘણા લાંબા સમયથી પાલનપુર નગરપાલિકાનો જોવા મળી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીઓના પડધમ વાગી રહ્યા છે ત્યારે પદાધિકારીઓ ભાજપને નુકશાન કરે તે પહેલા સુધરી જાય તો સારૂ છે.

# પોશીના ખાતે સાબરકાંઠા જીલ્લા ભાજપ કારોબારી બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧

ભારતીય જનતા પક્ષ સાબરકાંઠા જીલ્લાની કારોબારી બેઠક વનવાસી વિસ્તાર પોશીના ખાતે સ્વામીનારાયણ મંદિરમાં મળી હતી. ન હતું એ વખતે પણ કાર્યકર્તાઓનું મહત્વ પણ એટલુ જ હતુ આજે પણ વિશ્વમાં સૌથી મોટા પક્ષના સભ્ય કહેવાય આ કારોબારીએ તમને બધાને બહુમાન આપ્યું છે. છે. તેમાંથી બહાર નિકળીને અંત્યોદય શબ્દ આપ્યો તે આપણા પંડીત દીનદયાલજીએ આપ્યો છે. એટલે ગરીબોનું કામ કરવું હવે ૪૭ હજાર વિસ્તારકો સાત દિવસ માટે તમારી વાત સાંભળે છે. આજે ૧૦૦ વર્ષની કોંગ્રેસની પાર્ટી આપણી વિચાર ધારાના કારણે કયાં ગઈ ? કેટલીક પાર્ટીઓતો ખોવાઈ ગઈ આ ઈતિહાસ છે. આપણા કાર્યકર્તાઓના





આ પ્રસંગે ગુજરાત ભાજપ ચૂંટણી સમીતીના ઈન્ચાર્જ અને સરકારના વિસમુદ્દા અમલીકરણ સમીતીના ચેરમેન અને પૂર્વ મહેસુલ મંત્રી કૌશીકભાઈ પટેલે ઉપસ્થિત કાર્યકરોને આ કારોબારી કેમ અગત્યની હોય છે તે વિશે સંબોધતા જણાવેલ કે, એક જમાનો આપણી જોડે કોઈ ઉભુ રહેતુ

પંડીત દીનદયાલ ઉપાધ્યાય વર્ષ-વિસ્તારક યોજના વિશે જણાવેલ કે, પંડીતજી એટલે કેન્દ્ર અને રાજયોએ નક્કી કર્યુ પંડીતજી દિનદયાજીએ દેશ માટે ઘરબાર છોડી દીધુ હતુ એટલે કેન્દ્ર અને રાજયોએ નક્કી કર્યુ. પંડીતજી એ જે કાર્યો કર્યા છે તે આપણે કરવાના જવાના છે કૌશીકભાઈએ વધુમાં જણાવેલ કે, આપણું કામ ચૂંટણી મીશન-૨૦૧૭ અને પંડીત દિનદયાલજી જન્મ શતાબ્દી વર્ષ આપણે માઈક્રોપ્લાનીંગથી કામ કરીયે. કરેલા કામો ભાજપની વિચારધારાને લોકો સુધી પહોંચાડી આજે તમને લોકો પુછવા આવે છે. સંઘર્ષના કારણે ઉત્તર પ્રદેશમાં ચૂંટણીમાં વિવિધ મુદ્દાઓ જે આનંદીબેન પટેલ અને વિજયભાઈ રૂપાણીના સરકારના કરેલા કાર્યો ત્યાં સંકલ્પ પત્રમાં સમાવી સંકલ્પ પત્ર આપણો દસ્તાવેજ છે. કમીટમેન્ટ છે આ વાતાવરણ છે અને જો તેમાં આપણે પાછળ પડીયે તો ચાલે નહીં.

# બ્રહ્મ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા મહેસાણામાં દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કરાયું

મહેસાણા શહેરમાં કમળબા હોલ ખાતે ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ ન્યુ દિલ્હી અનુદાનિત બ્રહ્મ સેવા સમાજ ટ્રસ્ટ પાટણ દ્વારા દિવ્યાંગો માટેના સાધન-સહાય વિતરણ કેમ્પ યોજવામા આવ્યો હતો. પાટણ સંચાલિત **ADIP SCHEME** અંતર્ગત દિવ્યાંગોને સાધન સહાય વિતરણ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે કલ્યાણ રાજ્યના આદર્શને વરેલી સરકાર દિવ્યાંગોના સાર્વત્રિક વિકાસ થાય તે દિશામાં કામ કરી રહી છે. મનુષ્ય પ્રત્યેની સદભાવના વાતાવરણથી સ્વામાનભેર જીવન જીવી શકે તે દિશાનો સહિયારો પ્રયાસ કરવો જોઈએ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે દિવ્યાંગ વ્યક્તિઓ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ સુખાકારી યોજનાઓ અમલી છે.

### દાંતીવાડા તાલુકામાં આવેલ કોલોનીમાં

# એસ.બી.આઈ.નું એટીએમ છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં !

દાંતીવાડા તાલુકામાં આવેલ કોલોની તાલુકાના મુખ્ય મથક તરીકે જાણીતું છે તેમજ તાલુકાના અલગ-અલગ ગામડાના લોકો અનેક કામો માટે કોલોનીમાં આવતા હોય છે ત્યારે કોલોનીમાં આવેલ એસ.બી.આઈ નું એટીએમ છેલ્લા કેટલાય સમયથી બંધ હાલત માં જોવા મળી રહ્યું છે પરંતુ તેને લાગતાવળગતા અધિકારીઓ આ વાત થી અજાણ હોય તેવું લાગી રહ્યું છે તાલુકા ના લોકોને આના કારણે ભારે હાલાકી સહન કરી રહ્યા જેના કારણે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને લોકોમાં આઈવી લોકમાંગ ઉઠવા પામી છે કે લાગતાવળગતા અધિકારીઓ પોતાની ઘોરનિંદ્રામાંથી જાગી આ એટીએમ ચાલુ કરાવે.

# વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા જાન્યુઆરીમાં ગ્લોબલ પાટીદાર બીઝનેસ સમિટ યોજાશે

મહેસાણા, તા. ૧

મહેસાણા શહેરમાં વિમલ પાર્ટી પ્લોટ ખાતે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા તથા સરદારધામ કેળવણી મંડળ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યુસીડીસી કેન્દ્રના નવીન અધ્યતન મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું., છેલ્લા પાંચ વર્ષથી વિધાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કેન્દ્ર કાર્યરત છે. આ કેન્દ્રમાં ૧૩૪૭ વિદ્યાર્થીઓ સરકારી નોકરી મેળવવામાં સફળતા મેળવી છે. આ ઉપરાંત આ વર્ષે ૪૨ વિદ્યાર્થીઓ ગુજરાત જાહેર સેવા આયોગની મુખ્ય પરીક્ષામાં સફળતા મેળવી છે. નજીવી કિંમતે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીનું માર્ગદર્શન આપવામાં આવે છે. આ કેન્દ્રના નવીન મકાનનું ઉદ્ઘાટન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા કરાયું હતું.

# રોટરી ક્લબ દહેગામ દ્વારા સેલિબ્રેશન ઓફ લાઈફ સેમિનારનું આયોજન

રોટરી ક્લબ ઓફ દહેગામ અને અમદાવાદની એડલાઈફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જીવનને જાણવા માણવા અને જીવનશૈલી તથા ખોરાકના નિયમનથી રોગને થતો જ અટકાવવા અને કેન્સર જાગૃતિ તથા કેન્સરને થતુ અટકાવવા કેવાં પગલાં લેવાં જોઈએ તે વિષય પર વિસ્તૃત માહિતીસભર સેમિનાર 'સેલિબ્રેશન ઓફ લાઈફ'નું આયોજન દહેગામ કોલેજ હોલમાં રવિવારે સાંજે ૪ થી ૭ દરમ્યાન કરવામાં આવ્યુ હતુ.

આ વિશિષ્ટ સેમિનારમાં મુખ્ય મહેમાન પદે રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૪૧ના ગર્વનર રોટે. દિનેશ ઠક્કર હાજર રહ્યા હતા અને અતિથી વિશેષ દહેગામના યુવા ધારાસભ્ય કામિનીબા રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ સરલાબેન અમીન તથા એડલાઈફ ફાઉન્ડેશનના નમિશાબેન ગાંધી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આ મહાનુભાવોના હસ્તે દહેગામ નગર પાલિકાની કુલ ૧૪ મહિલા સદસ્યો તથા ગ્રામ્ય વિસ્તારની વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ કુલ ૬ મહિલા સરપંચો તથા જિલ્લા પંચાયતની સદસ્યાઓનું સન્માન પત્ર તથા શાલ આપીને સન્માન કરી તેમના કાર્યો તથા સ્ત્રીશક્તિને બિરદાવ્યા હતા.

રોટરી દહેગામની સેવાકિય પ્રવૃત્તિઓ અને તેમની નિઃસ્વાર્થ સેવાઓ અને વર્ષોથી દહેગામ તાલુકાની જનતાને રાહતદરે ફિઝિયોથેરાપીની સેવાઓ પુરી પાડે છે તેને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય કામિનીબા રાઠોડે પોતાની ગ્રાન્ટમાંથી રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ) રોટરી ફિઝિયોથેરેપીના આધુનિકરણ માટે ફાળવી આપ્યા છે. જે પ્રસંસનીય તથા અભિનંદનીય કાર્ય છે. આ ઉપરાંત નગરપાલિકાના પ્રમુખે રોટરી દહેગામને સેવાકિયા કાર્યો માટે સંપૂર્ણ સહકારની ખાત્રી આપેલ.

સેમિનારમાં ડૉ. રમિલાબેન પટેલ, 'વેલકમ જીંદગી' વિષય પર પોતાનુ ઓડિયો વિઝ્યુઅલ પ્રવચન આપેલ જેમાં પોષણ, ખોરાક, કસરત અને જીવનશૈલીના બદલાવ દ્વારા ઉત્તમ જીવન જીવી શકાય તેના પર આગવી શૈલીમાં પ્રવચન આપેલ. આરસીઆઈ રજીસ્ટ્રર્ડ ક્લીનીકલ સાયકોલોજીસ્ટ એવા ઈતિબેન શુક્લાએ 'ઉઠ જાગ મુસાફિર ભારે ભઈ' વિષયે મોટીવેશનલ સ્પીચ આપેલ. 'સ્ત્રી સ્વાસ્થ્ય થકી સ્વસ્થ સમાજ' વિષય પર ડૉ. વૈશાલી દેસાઈ અને ડૉ. નેહા શાહે ખૂબજ સુંદર માહિતીપ્રદ અને દરેક સ્ત્રીને જીવન ઉપયોગી માહિતી પુરી પાડી હતી. જેમાં સંપૂર્ણ ભરાયેલ હોલમાં માત્ર બહેનો જ હાજર હતી અને તેમણે સ્ત્રીઓના સ્વસ્થ જીવનનું માર્ગદર્શન આપણી હેલ્થ બાબતની ખોટી માન્યતાઓ અને સ્વસ્થ સમાજ માટે સ્વસ્થ સ્ત્રીનું હોવું કેટલુ જરૂરી છે તે તથા કેન્સરની અવેરનેસ માટેની વાતો તથા તેને અગાઉથી જ ઓળખઈ લેવાના ચિન્હો અને થતુ અટકાવવા શું પગલાં લઈ શકાય તેવી ઘણી બાબતો આવરી લીધી હતી.

# મોડાસામાં ફાયરીંગ ઘટનાના આરોપીઓને પકડવા આવેદનપત્ર

મોડાસા, તા. ૧

મોડાસા શહેરના મુસ્લીમ અગ્રણી અને ગુજરાત જમીયતે ઉમેલાએ હિન્દના જોઈન્ટ સેક્રેટરી ઉસ્માન લાલા પર ૨૯-૪-૨૦૧૭ શનિવારની વહેલી સવારે નમાજ અદા કરી પરત ફરતા સમયે બે અજાણ્યા બાઈક સવાર શખ્સોએ ફાયરીંગ કરી હવામાં ઓગળી ગયા હતા. મોડાસા શહેરમાં ફાયરીંગની ઘટના બનતા જિલ્લા પોલીસ વડા સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી જઈ એફએસએલની મદદ લઈ ત્રણ ટીમો બનાવી હુમલાખોરોને ઝડપી પાડવા સઘન કાર્યવાહી કરવા છતા હુમલાખોરો પોલીસ પકડથી દૂર રહેતા સોમવારે ગુજરાત જમીયતે ઉલમાએ હિન્દના સદસ્યો મોડાસા ખાતે આવી પહોંચ્યા હતા અને પોલીસની કામગીરી અંગે સંતોષ વ્યકત કરી અરવલ્લી જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલને મોડાસામાં શાંતિનો માહોલ ડહોળવાનો પ્રયત્ન કરનાર ફાયરીંગની ઘટનામાં સામેલ બાઈક સવાર શખ્સોને ઝડપી જેલભેગા કરવાની સાથે ઉસ્માન લાલાએ જે વ્યક્તિઓ સામે શંકા દર્શાવી હતી તેમની સઘન પૂછપરછ કરવાની માંગ કરી હતી.

ગુજરાત જમીયતે ઉલેમાએ હિન્દુના જોઈન્ટ સેક્રેટરી અને મોડાસાના સામાજીક અગ્રણી ઉસ્માન લાલા પર શનિવારે વહેલી સવારે ફાયરીંગની ઘટના બનતા સોમવારે મોડાસા ખાતે દોડી આવ્યા હતા અને ઉસ્માન લાલા પર ફાયરીંગ કરનાર શખ્સોને પોલીસતંત્ર દ્વારા ઝડપથી ઝડપી પાડી જેલ ભેગા કરવાની માંગ સોપારી આપનાર અસામાજીક તત્વોને ઝડપી પાડવા અનિવાર્ય છે. આ ઘટના પાછળ ૨૦૧૬માં જમાલવાવ નજીક ગેરકાયદેસર બાંધકામ કરનાર શખ્સોનું કામકાજ અટકાવી દેતા બિલ્ડરોના ગેરકાયદેસર બાંધકામ રોકાઈ જતા



સાથે અરવલ્લી જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે મોડાસા સંવેદનશીલ વિસ્તાર છે. હાલ સવિશ્વનીય સ્ફોટક પરિસ્થિતિ છે. ત્યારે મુસ્લીમ સામાજીક અગ્રણી પર ખુલ્લેઆમ ગોળીબાર કરી હત્યા નિપજાવવાની કોશીશ ગંભીર બાબત છે. અને આવા ભાડૂતી હત્યારાઓ ગમે ત્યારે અને ગમે તે વ્યક્તિ પર હુમલો કરી શહેરનું વાતાવરણ ડોહળાય અને કાયદો વ્યવસ્થા પડી ભાંગવાની સંભાવનાના પગલે હુમલાખોરો અને તેમના ગોડફાધર ધાકધમકી આપી ત્રાસ અને આતંક મચાવી કોર્ટમાં દાખલ ફરીયાદ પાછી ખેંચી લેવા મજબૂર બને અને તેમને નળતરરૂપ ઉસ્માન લાલાનો કાંટો કાઢી નાખવાના આશયથી કાયદો વ્યવસ્થા ભંગ કરી આવુ હિનકૃત્ય કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થાય છે. જેથી આ શકમંદ શખ્સો અને અન્ય અજાણ્યા બે બાઈક સવાર ફાયરીંગ કરનાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફાયરીંગ કરનારનારાઓને જેલના સળીયા પાછળ વહેલામાં વહેલી તકે ખસેડવાની માંગ કરી હતી.

### સિક્સલેન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળે છે. જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ છેલ્લા ઘણાં સમયથી આ રૂટમાં જોખમી સ્થિતિ સર્જાઇ છે. જેના લીધે અવારનવાર થતા અકસ્માતોના લીધે પૈડા પરની જિન્દગી જોખમી બની છે. જેને નિવારવા માટે ત્વરિત અસરથી આ માર્ગને અપગ્રેડ કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જેથી આગામી દિવસોમાં આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ સલામત અને સરળ બનશે.

### બેઠક વ્યવસ્થા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોઠવવામાં આવશે. જયારે વિજીલન્સ સ્કોવોર્ડના સભ્યો પણ રાઉન્ડ લેશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેની તકેદારી રાખવામાં આવશે. આ અંગે ગુજરાત શિક્ષણ બોર્ડના અધ્યક્ષે જણાંવ્યા મુજબ શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઆના એડમિશન કાર્ડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓએ આગામી તા ૪ મેં ના રોજ એડમિશન કાર્ડ સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીની કેચરીએથી મેળવી લેવાનુ રહેશે. જયારે ગાંધીનગર બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા પ્રવેશ કાર્ડ મોકલી દેવાશે. વધુમાં જે ઉમેદવારોની હોલ ટીકીટ ખોવાઇ ગઇ હોય તેવા ઉમેદવારોને બોર્ડની વેબસાઈટ પરથી પણ હોલ ટીકીટ ઉપલબ્ધ થશે.

### હિંસક હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાત કરવામાં આવી રહી છે. ઘટનાના સંબંધમાં માહિતી ધરાવનાર એક વ્યક્તિએ કહ્યુ છે કે તેમના ઈરાદા શુ હતા તે અંગે માહિતી નથી પરંતુ હુમલાખોરો અશ્લીલ ભાષાનો ઉપયોગ કરી રહ્યા હતા. તેમને પોલીસનો કોઈ ભય ન હતો. હુમલાખોરોની સંખ્યા સાત અને આઠ લોકોની હતી. ઉલ્લેખનીય છે કે હાલમાં જ દિલ્હી એમસીડીની ચૂંટણીમાં ભાજપની જોરદાર જીત થઈ છે. બીજી બાજુ મનોજ તિવારીએ જીત માટેની ક્રેડિટ ભગવાન શ્રીરામને આપી હતી. મનોજે એમસીડીમાં પ્રચાર દરમિયાન પૂર્ણ તાકાત લગાવી દીધી હતી. મનોજે સમગ્ર દિલ્હીમાં વિજય વિકાસ યાત્રા હાથ ધરી હતી. સાંસદ મનોજ તિવારી દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા લોકોની તપાસ ચાલી રહી છે.

### એક ક્રૂરતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિલિઝમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની સેનાએ ક્રિષ્નાઘાટી સેકટરમાં ભારતીય પોસ્ટો તરફ મોર્ટારથી ફાયરીંગ કર્યુ હતું. પાકિસ્તાની સેનાએ આ દરમિયાન બે ભારતીય જવાનોના મૃતદેહ સાથે પણ છેડછાડ કરી હતી અને તેમના અંગછેદન કર્યા હતા. નિવેદનમાં એવું કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની સેનાની આ ઘૃણાસ્પદ કાર્યવાહીનો વળતો જવાબ આપવામાં આવશે. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે સવારે ૮.૩૦ વાગે પૂંચ જિલ્લાના ક્રિષ્નાઘાટી સેકટરમાં નિયંત્રણ રેખા પર બીએસએફ ચોકી પર પાકિસ્તાની ચોકી તરફથી રોકેટ અને સ્વચાલિત હથિયારોની મદદથી અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન રોકેટ લોન્ચરથી પણ હુમલા થયા હતા. એનએસએ ડાભોલે પ્રધાનમંત્રીની મુલાકાત કરી આ સમગ્ર મામલે તેમને વાકેફ કર્યા છે. એક અહેવાલ અનુસાર બોર્ડર એકશન ટીમના જવાન એલઓસી ક્રોસ કરીને ૨૦૦ મીટર અંદર સુધી ઘુસી ગયા હતા જ્યાં આ આખી ઘટનાને અંજામ આપ્યો હતો. પાકિસ્તાન તરફથી છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં ગસ્ત લગાવી રહેલા ભારતીય જવાનોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને તેઓને શીરછેદનમાં તૈયાર કરવામાં આવે છે. બેટમાં ૨૦૧૩માં આ પ્રકારની ઘટનાને પાકિસ્તાની સેના દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. જેમાં મેન્ઢર સેકટરમાં એક શહીદ સૈનિકનું શીરછેદન કરવામાં આવ્યું હતું. જ્યારે બીજાના મૃતદેહની સાથે ગંભીર ચેડા કરવામાં આવ્યા હતા. આ બરબર કાર્યવાહીનો પણ સેનાએ યોગ્ય જવાબ આપ્યો હતો. પાકિસ્તાનની આ હરકત એવા સમયે આવી છે કે જ્યારે એક દિવસ અગાઉ પાકિસ્તાની સેનાના પ્રમુખ જનરલ બાજવાએ એલઓસી નજીકના વિસ્તારનો પ્રવાસ કર્યો હતો. જોકે એલઓસી ઉપર પાકિસ્તાને આજે નવેસરથી જે બરબરતા બતાવી છે તેને લઈને એમ માનવામાં આવે છે કે ગત વર્ષે ૨૯મી સપ્ટેમ્બરના રોજ ભારતીય સેનાએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. આ સ્ટ્રાઈકમાં પીઓકેમાં હયાત આતંકી કેમ્પોને તબાહ કરી નાખ્યા હતા. સેનાએ ઉરી વિસ્તારમાં સૈનિકોની શહાદત બાદ આ કાર્યવાહીને અંજામ આપ્યો હતો. જેમાં પાક અધિકૃત કાશ્મીરમાં અનેક આતંકી લોન્ચપેડને તબાહ કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન તરફથી આજે નવેસરથી કરવામાં આવેલા સીઝફાયરના ઉલ્લંઘન બાદ બહાર આવેલી વિગત મુજબ પાકિસ્તાની સેનાએ પૂંચ અને રાજૌરી સેકટરમાં નિયંત્રણ રેખા પર છેલ્લા મહિનામાં સાત વખત સીઝફાયરનું ઉલ્લંખન કર્યું છે. તેમણે ૧૯મી એપ્રિલના દિવસે પૂંચ સેકટરમાં સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું હતું. તે અગાઉ ૧૭મી એપ્રિલે નોસેરામાં મોર્ટારથી હુમલા કર્યા હતા.

### ઉર્જા ક્ષેત્રે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધ પણ મજબૂત કરવામાં આવે તે જરૂરી હોવાનું વડાપ્રધાન મોદીએ કહ્યું છે. બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો મજબૂત કરવા માટે જીએસટીનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં જીએસટીના અમલથી એક નવું આર્થિક વાતાવરણ તૈયાર થશે. અમારી સરકાર ત્રણ વર્ષ પહેલા આવી હતી. ત્યારથી અનેક આર્થિક સુધારા અમે લાગુ કરાવ્યા છે. વડાપ્રધાને કહ્યું કે ૫૦ શહેરોમાં મેટ્રો રેલ અને હાઈસ્પીડ ટ્રેનની યોજના અમલમાં મુકવા માટેની યોજના તૈયાર થઈ રહી છે. આ અગાઉ ભારતના બે દિવસના પ્રવાસે આવેલા તુર્કીના રાષ્ટ્રપતિ રેસેફ તય્યપનું રાષ્ટ્રપતિ ભવનમાં પરંપરાગત સ્વાગત કરી તેમને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. આ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તુર્કી સાથે વધુ મજબૂત સંબંધ સ્થાપવા માટે ભારત વધુ આર્થિક સુધારા લાગુ કરશે.

### આતંકી હુમલો...● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે રૂપિયાની સાથે કેશવાનમાં રહેલા સિક્યુરિટી ગાર્ડ પાસેના હથિયારો લઈને પણ તેઓ નાસી છૂટ્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં આજે એક જ દિવસમાં આ આતંકવાદી હુમલાની ભારે ગંભીર કહી શકાય તેવી બીજી ઘટના બની છે. આ અગાઉ સવારે ભારતીય ચોકી ઉપર મોર્ટાર રોકેટ લોન્ચર અને સ્વચાલિત હથિયારોની મદદથી એલઓસી પર હુમલા કરી અને બે ભારતીય જવાનોને શહીદ કરવામાં આવ્યા હતા. તે પછી બનેલી આ બીજી ઘટનામાં બે બેંક અધિકારી સહિત કુલ સાત લોકોના મોત થવા પામ્યા છે. કાશ્મીરમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ અંગે ગત સપ્તાહે મુખ્યમંત્રી મહેબુબા મુફતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી મળ્યા હતા.

### સરકાર ગંભીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ માનવામાં આવી રહ્યું છે કે જે પ્રમાણે પાકિસ્તાન દ્વારા એક મહિનાની અંદર છથી વધુ વખત સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરી ભારતીય સૈનિકો ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે તેને વળતો જવાબ આપવા માટેની ગંભીર ચર્ચા આ બેઠકમાં હાથ ધરવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે ભારતીય એનએસએ ડોભાલે પણ ઘટના અંગે વડાપ્રધાનને વાકેફ કર્યા છે.